સુધરેલાનો સંતાપ અને દેખાવની ફજેતી.



આવૃત્તિ ૧ લી. નકલ ૫૦૦૦

આ બુક શ્રી છાપી પ્રસિદ્ધ કરનાર–શાહ મોહનલાલ છગનભાઈ
ઠેકાણું સ્ટેશન રોડ તારવાળા બીલ્ડીંગ–સુરત.

સંવત ૧૯૭૬ ૯૨૦

કીંમત

અમારી છપાવેલી ચોપડીઓ મલશે.

હીંદનો ઉદ્ધાર ભાગ ૧ લો	કીમત	૦-૧-૦
,, ,, ભાગ ૨ જો	,,	૦-૧-૦
મહાત્મા ગાંધીજીની જેલ જાત્રા	,,	૦-૧-૦
ભારત-સેવા ભાગ ૧ લો	,,	૦-૧-૦
,, ,, ભાગ ૨ જો	,,	૦-૧-૦
સુધરેલાનો સંતાપ અને ફેશનની ફજેતી		૦-૧-૦

હમારે ત્યાં ઉપર મુજબની ચોપડીઓ મલશે. માટે છુટક નકલ મંગાવનારે દરેક બુક દીઠ દોઢ આનાની ટીકીટો બીડી મોકલવી. વી. પી. થી માલ મોકલવામાં આવશે. વી. પી. થી મંગાવનારે અગાઉથી એડવાન્સ અડધા નાણા આપવા પડશે. વેપારી તથા ફેરીઆઓને માટે બહુજ સસ્તા ભાવ છે માટે ટીકીટ મોકલી જવાબ મંગાવો.

શાહ નાહનચંદ છગનલાલ,

ઠે૦ સ્ટેશન સામે તાસવાલા બીલ્ડીંગ સુરત.

સુરત બરાનપુ- વાળી પોળમાં આવેલા શ્રી "અંબીકા
વીજય પ્રે વનદાસ હરકીશનદાસે છાપ્યું.

સુધરેલાનો સંતાપ અને
ફેશનની ફજેતી.

ફેશન એટલે શું?

-:(હરીગીત).-

ફેશન તણા સાધન મહી છે, મુખ્ય વસ્તુ આટલી;
ચીરૂટ, બીડી, ને વળી, હોટલ સાથે બાટલી.
ભજીઆં જુઓ ગરમાગરમ ને પાનની પીચકારીઓ;
કપડાં અને લત્તાં વળી છે આંખમાં ચસ્માં ધર્યાં
છે કોટ પણ કહું ફાંકડો, વળી સ્ટીક કરમાં છે ધરી;
ખીસ્સા મંહી બડીઆળ તો તે વળી [illegible] છે મપકોકરી.
છે બાબરા પણ ફાંકડી ના [illegible] તેને કળી,
ટોપી બીચારી રાંકડી ને [illegible] અણી.
ઈંગ્લીશ તણો અરે ઠાઠ નો આજે [illegible] છે કહું ઘણો;
વિચાર રાખીને હૃદયમાં [illegible] ધરો.
ઉત્તમ ગણાતી મોજ કેળવણી [illegible] થાય છે;
ફેશન સુધારે હિંદ નો [illegible] જાય છે.

ગાયન ૨.

એક સદ્દ ગૃહસ્થની કરૂણાજનક કથની.

-:(રાગ કવાલી):-

સુધારાની મજા ન્યારો, જમાનો જાય છે સારો;
જુઓને આ દશા યારો, અમારી આમ બાબત છે.
જુઓ મુંબઇ તણી નારી, બતાવે ડોળ તે ભારી;
ફરે થઇ રાયની રાણી, અમારી આમ બાબત છે.
દયાળુ મા અને બાપે, લગન તો માહરાં કીધાં;
હિસાબો-તેહના આપુ, અમારી આમ બાબત છે.
હતી અમ દેશની અંદર, અમારી પ્રેમદા પ્યારી;
અમે અમ પાસ બોલાવી, અમારી આમ બાબત છે.
કરૂં કોઇ જાતનો ઓર્ડર, નથી તે ધ્યાનમાં લેતી;
ફરે તે થઇને મદમાતી, અમારી આમ બાબત છે.
બધાંએ ઘર તણાં કામો, અમે અમ હસ્તથી કરતાં;
દુઃખી છે જીંદગી મારી, અમારી આમ બાબત છે.

ભરૂં મમ હસ્તથી પાણી, પછીથી ઉઠતી રાણી;
ચલાવે છે હુકમ શાણી, અમારી આમ બાબત છે.
કરી દાતણ પછી ઘરમાં, પદમણી પાટલે બેસે;
પછીથી ચાહ તે માગે, અમારી આમ બાબત છે.
ઘરે વાસણ બધાં માંજુ, રસોઈ હાથથી રાંધુ;
કરે ભોજન પછી પત્ની, અમારી આમ બાબત છે.
કરી પત્ની તણી સેવા, દશે તો નોકરી જાવું;
પુરા પરતંત્ર ત્યાં થાવું, અમારી આમ બાબત છે.
બધા આ કષ્ટને લીધે, દુઃખી મમ જીંદગી થાતી;
ભલું મરવું અરે એથી અમારી આમ બાબત છે.
મઝા મુંબઈ તણી જોતાં, બધા ફેશન મહીં પડતા;
પછી પસ્તાઈને રડતા, અમારી આમ બાબત છે.
પગાર પચીસ તો આવે, બીબી પાંત્રીસ ખરચાવે;
દયા દિલમાં નહિ લાવે, અમારી આમ બાબત છે.
બતાવે દમ ઘણો નારી, ચલાવે છે હુકમ શાણી,
ફરે નીત્ય બાગમાં રાણી, અમારી આમ બાબત છે,
મંગાવે અવ નવી ચીજો, અમારે લાવવી કયાંથી;
નથી પેદાસ કંઈ જોતી, અમારી આમ બાબત છે.
ઘરેણાં નવનવા માંગે, વખત પર હાડકાં ભાંગે;
કહે શું કામ પસ્તાતા, અમારી આમ બાબત છે.

દરદ નીત્ય નવનવું થાયે, રહું હું ઘેર જ્યાં સુધી;
કરે કણુકા ખરા ખેટા, અમારી આમ બાબત છે.
પથારીમાં પડી રહેતી મીઠાઈ મોજથી ખાતી;
દુઃખી મમ જીંદગી થાતી અમારી આમ બાબત છે.
ભરૂં નીત્ય બીલ વૈદોનાં, છતાં સાજી નથી થાતી;
ચલાવે ઢોંગ બહુ ખોટા, અમારી આમ બાબત છે.
ખરીદી હાથથી કરતી, લખાતી નામ પર મારા;
કહો બીલ ક્યાં થકી ભરવું અમારી આમ બાબત છે.
પથારી પ્રેમથી કરવી .., પ્રીયાની હાજરી ભરવી;
નથી નવરાશ પણ પળની, અમારી આમ બાબત છે.
ગુમાવી દેશની સુડી...., અહીં પરદેશમાં આવી;
છતાં ખુશ ના થઈ નારી અમારી આમ બાબત છે.
હતી અમ દેશની અંદર બધાં એ કામ ત્યાં કરતી;
નથી અહીં કોઈથી ડગતી, અમારી આમ બાબત છે.
પતિનું લોહી પીતાં નું. તજી દેજો તમે બે'નો,
સ્થિતી સ્વામી ની જોતાં, ખોટાં શાને કરો કેડો.
પતિના દીલમાં [illegible] રહેજે હું કહું બે'નો;
સુખો સૌ આમ કહું જ પો જરૂર માનો તમે બે'નો.

રાગન કજ્જી.

વાંઢાનો વીલાપ.

નારી વીના ઘેર તણું રે સદાએ મારે નારી વીના ઘેરતણું
એ તો દીપક છતા અંધારૂં રે. સદાયે મારે.
જઇ કુવા પર બેસુ રૂપાળી નારીઓ દેખું
રડું અંતર નારી સારૂં સારૂં રે. સદાયે મારે.
સવારે ઉઠું છુ જ્યારે દળવું પડે છે હાથે મારે,
રડું છું નારી સારૂં સારૂં રે સદાએ મારે.
પાણી લાવું છું માથે, નહિ કોઇ આવે સાથે
જગમાં જીવતર મસ ખારૂં ખારૂં રે સદાયે મારે.
પ્રભુ તમે છો કૃપાળું ત્રાઠા મેણું ભાંગો મારૂં
નીવેદ ધરવા ધારૂં ધારૂં રે સદાયે મારે.
એવી યાચના કરતો કરતો ઘરમાં જઇને હું સુતો
આવી નિદ્રાને સ્વપ્નું ભાળું રે સદાયે મારે.
ન્યાતીઓ માગા આવ્યા પરણ તાને બૈરી લાવ્યા
ગોરે શ્રીફળ મને આપ્યું આપ્યું રે સદાયે મારે,
ન્યાતીઓને ભોજન દીધા શીરા પુરીને ભજીયાં કીધા
વરઘોડે ફરવા ધારૂં ધારૂં રે સદાયે મારે.

મુંબઇથી લાવ્યા તાંજા રજાકના સુરતી વાજા
ઘોડાને હું શણગારૂં રે સહાયે મારે.
બની ઠણી સુંદર અલબેલો વરઘોડો ફરવા નીકળેલો
અંતર મનસુબો ધારૂં ધારૂં રે. સહાયે મારે.
કુમકુમ પત્ર લખવા માટે વીચારજ કીધો રાતે
હોંશે હું લખવા ધારૂં ધારૂં રે. સહાયે મારે.

ગાયન ૪થું.

વામાનો સંદેશ.

—હરીગીત.—

પ્રીતમ વસ્યા પરદેશમાં પત્ની નિસાસા નાંખતી
રસથી ભરેલાં પ્રેમ પત્રો નિત નિત પઠાંવતી
વ્હાલા કહેલો વાયદો વીત્યો હવે ઝટ આવજો
પ્રિય પ્રેમ પ્યારી પત્ની માટે, નવીન વસ્તુ લાવજો
વાંચી પ્રિયાનો પત્ર ગૃહ, જાવાને તન મન તે થયો
પ્રેમાળ પત્ની કાજ પ્રેમ નીશાની લેવાને ગયો
હેત ખરીદયો હાર હીરાનો પ્રિયાને આપવા

કંકણુ લીધાં વળી હેમનાં રત્ન ઘેલીને રીઝાવવા
ઉમંગ ઝુલે ઝુલતો પતી, આવી પોંચ્યો નિજ ગ્રહે
કહો સ્વામી શું લાવ્યા બતાવો કામની પિયુને કહે
પેટી ઉઘાડી સ્વામીએ તે ભેટ પ્રીતે આપવા
સોંદર્યને ખીલાવવા રામા રસીક રીઝાવવા
જોઇ બધુ આ હેમનું મનમાં અતિ મુઝાય છે
નીરખી નવાં આ ભુષણો દીલમાં કંઇ કંઇ થાય છે
થોડી પળે તે સ્તબ્ધ થઈ આંસુ હવે તે પાડતી
બોલ્યા વીના રામા વળી રીસાઇને થૈ ચાલતી
જાંખો પડયો સ્વામી બીચારો પ્રેમદા પુંઠળ ગયો
માને મનાવી માનુની ત્યારે ઘણો રાજી થયો
બોલ્યો કહો પ્યારી તમો રીસાઇ શું ચાલ્યા ગયાં
શું હેતને ઓછું કરી દીલથી તમો ન્યારાં થયાં
સ્વામી તણાં વચનો સુણી વામા ઘણી હરખાય છે
પ્યારા મને સાડી તણું દીલમાં બહુ મન થાય છે
મોજાં અને છત્રી મને પ્યારા તમે લાવી દીઓ
રાજી કરી વ્હાલા મને, દીલ આપનું અર્પી દીઓ
પુછશું મળે છે કયાં કહો એ રમ્ય ચીજો આપની
હું હાલ લાવું છું લલીતા પ્રેમ દ્રુષ્ટિ રાખની
કમળાં બધી ચીજો હવે તુજ ચર્ણમાં લાવી દઉં

આ પ્રેમની દોરી બધી તુજ કંઠમાં અર્પી દઉં
રહી આણું મુંબાઈ શહેર જે ગુજરાતમાં મશહુર છે
થોડા વખતમાં આમી ત્યાં જવાનું બસકામ છે
એ શહેરમાં ચીજો તણી દુકાન તો મશહુર છે
ત્યાં જરૂર મળશે જાઓ ચીજો આ બધી પ્રખ્યાત છે
સમજ્યો બધી ચીજો હવે એ શહેરમેં જોયું ખરૂં
હું રાતના વાળું કરી એ શહેરમાં નીકળી પડું
કહું છું નસીબને હું હવે કે સ્ત્રી આ માથે પડી
બહેતર હવે તો એજ કે વિષ ખાઇને જાવું મરી
ગોરધન કહે વિનતી તમોને હોંશથી સતકારજો
પીવું પતીનું તોડી દઈ, દગા દીલથી ધીક્કારજો

ગાયન ૫ મું.
પરણેલાનો પસ્તાવો.

હતો કુંવારો આજ લગી હું પરણ્યાનું દીલ થાતું તું
પરણેલાને નજરે જોતાં હૈડું તો હરખાતું તું. ૧
ઘર દુકાનો વેચી દઈને રૂપીઆ સૌ ભેળા કીધા
લાડીજીને હાંથે મળવા થોડા કંઇ કરજે લીધા. ૨

એરી પરણ્યા શભ લગ્નથી કોડ કર્યાં સરવે પુરા
સુખ સપાણું હોળીમાં હિા સું ઇજ્જતના કીધા ચુરા. ૩
પ્રથમ આણે શાણી નાણી લાજ મહિં લચકાતાંતાં
સાથે ફરવાનું હું કહેતો ઇજ્જતમાં અચકાતાંતાં. ૪
વચનો વદતાં ધીરે ધીરે બોલી લાગે બહુ સારી
મેં જાણ્યું જે કામ થયું છે સદગુણી પામ્યો નારી. ૫
પછી પધાર્યાં ત્રીજે આણે ઠ્ઠાટ સહુ બદલાયો છે
બકરી જેને હું ગણતો તે વાઘ થઇને આવ્યો છે. ૬
બે ત્રણ દીવસ ગયા ત્યાં ત્યારે મકાનમાં ખામી કાઢી
આ ઘરમાં હું નહીં રહેવાની કહીને રીસાયાં લાડી. ૭
હુકમને મેં માન્ય રાખ્યું ઘર બીજું ભાડે લીધું
હાશીના માટે વા'લીએ આમંત્રણ બીજું દીધું. ૮
નોટીસ મળતાં હું ગભરાયો. તે પણ હિંમત મેં રાખી
શું શું જોઇએ તે મનમાંની મૂએથી હયોને ભાખી. ૯
ઝાંઝર જોડી મારે જોઇએ એરીંગની જોડી લાવો
લોકેટ ગીનીનું સોનાનું લઇ વા'લા વેલા આવો. ૧૦
બંગડીઓની જોડી મારે સાચા મોતીની સ્વામી
સાડી કસબી લાવો જેથી જાહેર છે મારી મામી. ૧૧
સુણી તડાકો મેં તો કીધો પઇ નથી પાસે મારી
આણું લેવું શું કીધું ત્યારે પરણ્યો છું નારી. ૧૨

સુણતાં વા'લી વીલાં પડીઆં તરત તાડુકો કીધો
પરણી તમને તેમાં કહોને મેં શું કંઇ ગુન્હો કીધો ૧૩
મેં માગ્યું તે મારે જોઇએ તેમાં કંઇએ નહિ ચાલે
થઈ ભીખારી ફેરી નારી તે તો આ હૈડે સાલે. ૧૪
ઘાટી વીણુ ઘણીએ નહિ ચાલે મનમાં લેજો વિચારી
રસોઇ હાથે રાંધુ છું તે માટે સમજો છું સારી. ૧૫
મુશ્ી આખી સુધરી તોએ આપ રહ્યા હુંમ્બગ જેવા
હાળ થઈ માટે સિધાવો આદુ ને મરચાં લેવાં. ૧૬
ઘાટી માફક ગણુવા લાગી ઓર્ડરથી અકળાવે છે
નવા નવા ભુટ્ટા ઉઠાવી આંતરડી કકળાવે છે. ૧૭
તુર્ત રોકડો જવાબ દે છે કહી જરા હું ગુસ્સે થઉં
વેરી સોરી ઓ માય હુસ્બંડ આઇ એમ ગોઇંગ
ડિયર નાઉ. ૧૮

ગાયન ૬ ઠું.

વિષયમાં મસ્ત રહેનારી વામા.

ફેશન અપ-ટુ-ડેટ બનાવી, ઠમઠમ કરતી ચાલે છે;
નાજુક પગમાં ઝીણી ઘુઘરી, છમછમ કરતી ચાલે છે.

ઝીણા વસ્ત્રે અંગ સજીને, ફેશનમાં બહુ મહાલે છે;
શાહુ જોઈ વિચારજ કરતાં, વેશ્યા સરખી લાગે છે.
ચાલ આંગળની ચોરી વીનાના, ભાગ સહુ દેખાએ છે;
બુટ ચડાવી ફુલ ફેશનમાં, ચપળા જુઓ જાએ છે.
એ ગાડી વાળા આજે, ગાડી તું મોડી લાવ્યો;
ટાઈમ તણું ઉલંઘન કરીને, ગાડી કેમ મોડી લાવ્યો.
ગાડીવાળો કહે નમીને, આજ મને મોડુંજ થયું.
વિચાર હતો વેલાના તોપણ, વચમાં કૌતક એક થયું;
ઠીક હવેથી તુજને કહું છું, ટાઈમ નહિ મોડો કરતો;
ચોપાટીની ઉપર આજે, ગાડી તું જલદી હેતો.
ગાડીવાળો કહે નમીને, ભુલ થઈ આજે મારિ;
ગાડી મારી જુઓ આજે, જાએ છે કેવી વેલી.
જલદી લેને કહી ચપળા, ગાડીમાં આવી બેઠી;
ઉભો હતો હું ઘણો દુર, પણ નજર ગઈ મારી એસી.
ચોપાટી આવતામાં ચપળા, ગાડીમાંથી હેઠી ગઈ;
અમુક વખતે લખીશ સાહેબો, પાછળ શી હકીકત થઈ

ગાયન ૭ મું.

વિષયમાં અંધ બનેલા સ્વામીને તેની સ્ત્રીએ દીધેલો બોધ.

રાગ કવાલી.

રંડી આશક બની સ્વામી, મજા કેવી તમે જોઈ;
કરી તમ જાતની ખ્વારં, ઘણી મીલકત બધી ખોઈ.
હતી તમ બાપની લક્ષ્મી, કરી દીધી બધી પાણી;
થઈ ઉમ્મર ઘણી મોટી, કમાયા ના છતાં કોડી.
જોઈ હું કંઈકના પતીએ, ખરે સ્વામીજ કંપુ છું;
હવે તો આશા ત્યાગીને, અરે સ્વામીજ બેઠી છું.
હજી તમ સુધરો સ્વામી, વખત કહું ના વહી ગયો છે
સુધારવાને કહું સ્વામી....વખત બાકી ઘણો રહ્યો છે.
રંડીનો સંગ ત્યાગીને, પતિ મમ પ્રેમથી રહેજો;
પડે જો દુઃખ એકે તો; પછી મુજને તમે કહેજો.
રંડીનો સંગ કરવાથી, થાએ છે લોકમાં હાંસી;
વધુમાં જાનની ખ્વારી, સ્વામી કહું છું ઘણી થાતી.
અરે એ વાત બાજુએ, મુકું હું જો કદી પ્યારા;
ઘણાં કહું દુઃખ તો થાએ. કહું છું આપને વ્હાલી.
તમારી પાસ આ દાસી. ઉભી છે હાથ જોડીને;
છતાં કહું આપને સ્વામી, રખડવા મન કેમ થાએ.

રંડીઓ ના કદી કોઈની, કહું શું ના જરા થાતી;
હણી લોકો તણાં નાણાં, ચમનમાં તે ઘણી રહેતી
દીઓ પૈસા તમે પ્યાર. તદાં તે આપની થાએ;
ખીસ્સાં ખાલી જહાં દેખે, બીજાની તે જરૂર થાએ.
આવી રીતે કહું પ્યારા...રંડીની જાત છે નીચી;
છતાં કહું આપ ત્યાં પ્યારા, જાઓ શું આંખને મીચી
ઈશ્કમાં પડતાં પહેલાં....મજા તેની ઘણી જુઓ,
થાએ જયાં તનની ખ્વારી, ફરી બહુ પોક તમ મુઓ
માટે કહું કરગરી પ્યારા, તમે તે છંદને છાંડો;
ચડશ જો ઈશ્કનો હાએ, હવે પ્યારાં તમે છોડો.
કહું હું કરગરી સ્વામી, પ્રીતી મમથી તમે જોડો;
રહેલાં ફંદને છોડી...પ્રભુ હાથ બે જોડો.

ગાયન ૮ મું.

ફેશનની હોશીયારી.

રાગ ગઝલ કવ્વાલી.

અરે સજ્જન શાણાઓ, આજ કંઈ ફિકર ધારોને;
વધ્યો છે શોખ દુનિયામાં, હવે તેને સુધારોને;
પહેરી ફેન્સી ચોળી....જતી બજાર ખુલ્લેઆમ

પછી તે ક્યાં કહો જતી, અરે તે જાણતો ઇશ્વર
અહા શું તેહની સાડી, અતિ બારીક મેં ભાળી;
શોભામાં શું વધારો છે, કર મહી બંગડી કાળી.
સુકોમળ અંગમાં એના, સુવાસીક અત્તરો મ્હેકે
ખરેખર દેખતાં સજ્જન, સહુ તો નાયકા કહે છે.
વીસાર્યા દાંત હાથીના, ચડાવ્યા કાચ કઇ ચી-તે
જુના ધારા વીસારીને, નવા ધારા ગ્રહ્યા પ્રીતે;
અરે તે બંગડી માટે...બીજાને હસ્ત આપે છે.
વીસારી છેક લજ્જાને, બધી મર્યાદ લોપે છે
હવે કહો શું રહ્યું બાકી, વસાવ્યા ડ્રેસ લેડીના;
ધરી છે હાથમાં છત્રી, પહેર્યા બુટ એડીના,
સુગંધી તેલ ચોળીને, છટાથી કેશ ઓળીને;
ચઢાવ્યા આંખ પર ચશ્મા સુશોભિત વસ્ત્ર પહેરીને.
અરે મમ પ્યારા બંધુઓ, સુધારાને વધારીને;
અતિશય છુટ આપીને, ચડાવી છેક લાડીને;
જુઓ અસલ તણી રીતી, વીચારો ધર્મ ને નીતી;
કરો કંઈ કામ ભકતીનાં, હૃદયમાં રાખીને પ્રીતી.
કહે ગોરધન સુણો પ્યારા, હૃદયને લાગશે ખાસ;
હઠવવા આ કુધારાને, વચન આ માનજો મારા.

ગાયન ૯ મું.

સ્ત્રીનો બોધ સુણીને તેના પતિએ કરેલો પસ્તાવો

—રાગ કવ્વાલી.—

અરે કીસ્મત અરે કીસ્મત, કહી દે દોશ તું મ્હારો;
કર્યો છે હાય દુઃખી આરો, ભુલ્યાને રાહ બતલાવો.
હતી કીર્તિ ઘણી સારી....અત્યારે શું સ્થીની મારી;
નિહાળો જગત મોરારી, ભુલ્યાને રાહ બતલાવો.
હતાં સુખ વૈભવો કેવાં, ખરેખર ઇંદ્રના જેવાં;
દીધું મેં સર્વ એ ટાળી, ભુલ્યાને રાહ બતલાવો.
હતી મોટર ઘણી સારી, હૃદયને લાગતી પ્યારી;
પડયું છે દુઃખ બહુ ભારી. ભુલ્યાને રાહ બતલાવો.
સુકોમળ તો વદન મારૂં, સુકાતું કષ્ટને લીધે;
વીધીનો ખેલ છે ન્યારો, ભુલ્યાને રાહ બતલાવો.
અરે મુજ મુખથી શબ્દો, નીકળતા બહાર તે પહેલાં;
ઉઠાવી સેવકો લેતા, ભુલ્યાને રાહ બતલાવો.
જતો મમ મીત્રની પાસે, મને બહુ માન ત્યાં મળતું;
થતી ત્યાં સ્નેહની વાતો, ભુલ્યાને રાહ બતલાવો.
હવે તો મીત્ર સહુ મારા, મને તો કાળ સમ ભાસે;

રહી નહી પાઈ પણ પાસે, ભુન્ય ને રાહ બતલાવો.
ઘણી ભારી હતી મારી, મ હુર ખીલ્દી ગે સારી,
થઈ તે હાથ દુઃખીઆરી, ભુન્યાને રાહ બતલાવો.
હતાં વસ્ત્રો ઘણાં સારાં, જીન તેને લગા ાં ખ્યા ાં;
પડયાં છે તેહ વીણ ફાંફા, ભુન્ય ને રાહ બતલાવો.
સુકોમળ બાળકો માહરાં, દુઃખી છે અન ા લીધે;
નજરથી તે ન જોવાતું, ભુન્યાને રહ બતલાં ા.
સ્પેશીઅલ ચાહ અને કોફી ા ા ા સુ મહુ મારે;
હવે તો તેહ વીણ ચાલે. ભુન્યા ને નાહ બતલાવો.
અરે ઓ દીલની દાગ ક ગ ી હું ને કહું છું;
ક્ષમા કર અવગુણો સારા, ભુન્ય ને રાહ બતલાવો.
દીસે તું દેવના સરખી, જ્યાં હું ઇશ્કમ પડીઓ;
કર્યો વિચાર ના વ્હાલી, ભુન્યાને રહ બતલાવો.
સુણ્યાં ના બોધનાં વચનો ઇશ્ ના પાશમાં રહીને;
થયો હેરાન હું ભારી ભુન્યાને ાહ બતલા ા.
તને હું કરગરી કહું છું ક્ષમા તું આપને વ્હાલી;
નઠારાં કૃત્યો ભુલીજા, ભુન્ય ને ાહ બ તા ા
નહિ હું આજથી પ્યરી, જન વાંકો નહિ ચાલું,
હવે તો રેમ રાખીને, ભુન્યાને રાહ બતલ ા
અરે ઓ જગત મોરની, તને પગ ે ા ા હું છું;
માફી અવગુણ ી મ ી, ક્ષમા તુજ પ ા ાં ાઉં છું.

મુંબઈ નગરીનું વર્ણન.

મોઢામથી મુંબઈ નગરીનું વર્ણન શું કરવું ભાઈ
જયાં ત્યાં નજરે મોજશોખ વીણુ વાત બીજી દેખાય નહી
પગાર મળતો પચાસનો ને સાઇઠ ખરચ મહીને આવે
કમાય તેટલું જાય છતાં પણ ઉપર દેવું થઈ જાયે
દેશ વીશેથી આવ્યા ત્યારે શું લઇને આવ્યા આંહી
એવું ધારી ઉડાવા માંડયું મુંબઇ નગરીની માંહી
શ્યામા પણ સખીઓની સાથે ચોપાટી ફરવા જાયે
પતી કહે તો સાફ કહી દે શું કરવું ઘરની માંહે
તમે જાવ નોકરી પછી ઘરમાં મુજને જરીના ગમતુ
કામ નહી તેથી મુજ મન જયાં ત્યાં રોજ રહે ભમતુ
આજ સખી આવી અહીં મારી તે સાથે ફરવા ગઈતી
સાડી ખરીદી હું લાવું છું જે મુજને ગમતીજ હતી
અકળાયો એ વાત સાંભળી શ્યામા કેરો ત્યાંજ પતી
દેવું વધતું જાય છતાં પણ સ્રીનો શોખ નથી કમતી
સ્વામી તમે કહો છો સાચું પણ સહિયર પહેરે છે મારી
સરખી સાહેલીમાં રહેવું બીજી નથી કાંઇ બારી
હવે શોખ એ દૂર કરો સૌ ચરખાને રાખો ઘરમાં
વખત નકામો જાય નહી વળી દેશ હીત કામો કરવા
ગાંધીજીનું વચન પાળવા બાઇને અંગે ધારો
કહે વીરચંદ વીનયથી વાલી ડુબતા દેશ જનો તારો